# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

- ✓ દેશમાં 78માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા પરથી 11મી વાર તિરંગો લહેરાવ્યો - વિકસીત ભારત 2047ના સંકલ્પમાં યોગદાન કરવા નાગરિકોને અનુરોધ
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રધાનમંત્રીના સંબોધનને વિકસિત અને અખંડ ભારતના નિર્માણ માટેના સરકારના સંકલ્પનું પ્રતિબિંબ ગણાવ્યું
- ✓ કેન્દ્રીયકૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે રાષ્ટ્રીય કિટ નિરીક્ષણ વ્યવસ્થાનું અનાવરણ કર્યું,
- ✓ પેરિસ ઑલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓને પ્રધાનમંત્રીએ બિરદાવ્યા
- ✓ અને હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ સુધી દેશના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની આગાહી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM MODI ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 78મા સ્વાતંત્ર્ય પર્વની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. લાલ કિલ્લા પરથી દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજે એ શુભ ક્ષણ છે, જ્યારે આપણે દેશની આઝાદી માટે પ્રાણની આહૂતિ આપનારા અને આજીવન સંઘર્ષ કરનારા લોકોને યાદ કરીએ. પ્રધાનમંત્રીએ ઉંમેર્યું, અમે કોઈ પણ રાજકીય મજબૂરીના કારણે નહીં, પરંતુ નેશન ફર્સ્ટની ભાવનાની સાથે પરિવર્તન કર્યા છે, જેમાં સૌથી મોટું ઉદાહરણ બેન્કિંગ ક્ષેત્રમાં થયેલું પરિવર્તન છે.

શ્રી મોદીએ કહ્યું, આ વર્ષ પ્રાકૃતિક આપત્તિના કારણે જીવ ગુમાવનારા પીડિતોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. તેમણે ઉંમેર્યું, દેશની રક્ષા અને નિર્માણ કરનારા ખેડૂતો, જવાનો, યુવાનો, માતા-બહેનો, વંચિત વર્ગના લોકોની દેશ પ્રત્યેની નિષ્ઠા વિશ્વ માટે પ્રેરણા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, સર્વોચ્ચ અદાલતે વારંવાર સમાન નાગરિક સંહિતા – UCCની ચર્ચા કરી છે. તેમણે કહ્યું, દેશમાં સાંપ્રદાયિક નાગરિક સંહિતા છે અને તેને ધર્મનિરપેક્ષ બનાવવી જોઈએ.

(ઑડિયો – પ્રધાનમંત્રી – સિવિલ કોડ)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, શિક્ષણ ક્ષેત્રમાં આપણે જૂની નાલંદા ભાવનાને જાગૃત કરવી પડશે અને જ્ઞાનની પરંપરાને આગળ ધપાવવી પડશે.

.......2.......

શ્રી મોદીએ કહ્યું, આરોગ્ય શિક્ષણ માટે આપણા દેશના યુવાનો વિદેશમાં જઈ રહ્યા છે. તેમના શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચ થઈ જાય છે. તેમની સુવિધા માટે અમે એક લાખ મેડિકલ સીટ વધારવામાં આવી છે.

પ્રધાનમંત્રીએ ઉંમેર્યું, સરકારે સેમિ-કંડક્ટર મિશન પર કામ કર્યું છે. તેમણે કહ્યું, પ્રતિભા ભારતમાં છે તો ઉત્પાદન પણ ભારતમાં થશે. દરમિયાન તમામ રાજકીય દળોને વન નેશન વન ઇલેક્શન અંગે આગ્રહ કરતા આ મુજબ જણાવ્યું....

(ઑડિયો – પ્રધાનમંત્રી - વન નેશન વન ઇલેક્શન)

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને વિકસિત ભારત 2047 માટે આપેલા અનેક સૂચનનો પણ ઉલ્લેખ કર્યો અને નાગરિકોન આ દિશામાં યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

# INDEPENDENCE DAY

ગુજરાતમાં ખેડા જિલ્લાના નડિયાદ ખાતે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ લોકોને સંબોધતા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વિકસીત ભારત 2047ની સંકલ્પનાને સાકાર કરવા માટે ગુજરાત અગ્રેસર રાજ્ય બનશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતે વિવિધ વિકાસલક્ષી તેમજ કલ્યાણકારી યોજનાઓ દ્વારા સર્વાંગી વિકાસનો માર્ગ મોકળો કર્યો છે.. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'નેશન ફર્સ્ટ'ના મૂલ્યો સાથે આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવાના વિઝનને સાકાર કરવા પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આજે પુનરોચ્ચાર કર્યો હતો કે, સરકાર તમામ નાગરિકોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ તેમના વક્તવ્યમાં શ્રીશિંદેએ જણાવ્યું કે ખેડૂતો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને યુવાનોના લાભ માટે સરકારે વિવિધ યોજનાઓ શરૂ કરી છે.

મધ્યપ્રદેશમાં ભોપાલના લાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવે ધ્વજ ફરકાવ્યા બાદ તેમના સંબોધનમાં જણાવ્યું કે, સરકાર આગામી 5 વર્ષમાં રાજ્યનું બજેટ બમણું કરવાની દિશામાં કામ કરી રહી છે. રાજ્યમાં 10 હજાર કરોડ રૂપિયાના ખર્ચે 60 થી વધુ નવા ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે તેમજ 17 હજારથી વધુ રોજગારીની તકો ઊભી કરાશે.

......2......

પંજાબમાં મુખ્યમંત્રી ભગવત સિંહ માનના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાવમાં આવ્યો.

નાગાલેન્ડમાં રાજધાની કોહિમામાં મુખ્યમંત્રી નૈફ્યુ રિયોએ ત્રિરંગો ફરકાવ્યો.

તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ આજે સવારે ઐતિહાસિક ગોલકોંડા કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવી આ વર્ષથી ભૂમિહીન ખેત મજૂરોને દર વર્ષે 12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી, શહીદોના બલિદાનોને યાદ કરતાં જણાવ્યું કે ગયા વર્ષે સફળ G20 પ્રવાસન કાર્યકારી જૂથની બેઠક પછી, પ્રવાસીઓની સંખ્યામાં અઢી ગણો વધારો થતાં જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસન ક્ષેત્રે અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે.

બિહારમાં, મુખ્યમંત્રી નીતિશ કુમારે સતત 18મી વખત રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. મિઝોરમમાં સ્વાતંત્ર દિવસની ઉજવણીમાં બોલતા મુખ્યમંત્રી લાલ દુહોમાએ જણાવ્યું હતું કે સરકાર પારદર્શિતા પ્રદાન કરવા અને લોકોના હિત માટે કામકરવા માટે પ્રતિબદ્ધ છે.

# SHAH- PM ADDRESS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૭૮માં સ્વતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનને વિકસિત અને અખંડ ભારતના નિર્માણ માટેના સરકારના સંકલ્પનું પ્રતિબિંબ ગણાવ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું છે કે પ્રધાનમંત્રીનું સંબોધન છેલ્લાં 10 વર્ષની સફળતાઓથી પ્રેરિત થઈને દેશને આગળ લઈ જવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. તેમણે તમામ દેશવાસીઓને મજબૂત ભારતના નિર્માણ માટે પ્રતિજ્ઞા લેવા અપીલ કરી હતી.

# EVE- VP VISIT

ઉપરાષ્ટ્રપતિ જગતદીપ ધનખડ આવતીકાલથી બે દિવસ માટે તેલંગાણા અને આંધ્ર પ્રદેશની મુલાકાતે છે. આવતીકાલે તેઓ તેલંગાણાના હૈદરાબાદમાં કાન્હા શાંતિ વનની મુલાકાત લેશે.

બીજા દિવસે તેઓ આંધ પ્રદેશના નેલ્લોરે જિલ્લામાં અક્ષરા વિદ્યાલય પરિસર અને સ્વર્ણ ભારત ટ્રસ્ટના એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# NPSS-SHIVRAJ

કેન્દ્રીયકૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે રાષ્ટ્રીય કિટ નિરીક્ષણ વ્યવસ્થા – NPSSનું અનાવરણ કર્યું.

આ પ્રસંગે બોલતા શ્રી ચૌહાણે જણાવ્યું કે NPPS દ્વારા ખેડૂતો વિવિધ પ્રકારના કિટકો અને જંતુનાશકો વિશે જાણીને તેમના પાકને હાનિકારક અસરથી બચાવી શકશે. આ પ્રસંગે પાંચ હજારથી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે હાલમાં જ 109 જેટલી ઉંચી ઉપજ આપતી, આબોહવા અનૂકુળ અને બાયો ફોર્ટિફાઇડ પાકોની જાતો બહાર પાડી છે.

# JAISHANKAR- KUWAIT

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આગામી 18 ઑગસ્ટથી કુવૈતના પ્રવાસે જશે. આ પ્રવાસ દરમિયાન તેઓ કુવૈતના વિદેશ મંત્રી અબ્દુલ્લાહ અલિ અલ યાહયા ઉપરાંત અન્ય ટોચના નેતાઓ સાથે મુલાકાત કરશે.

ડૉ. જયશંકરની આ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે રાજકીય, વેપાર, રોકાણ, ઊર્જા, સુરક્ષા, સાંસ્કૃતિક, રાજદ્વારી અને લોક સંપર્ક સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ શકે છે. બંને પક્ષો પરસ્પર હિતના પ્રાદેશિક આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી દેશના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. કેરળ, લક્ષદ્વીપ, તમિલનાડુ, દક્ષિણ આંતરિક કર્ણાટક અને રાયલસીમામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

વિભાગે આગામી છ દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને પૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે. આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર-પૂર્વ ભારતમાં મુશળધાર વરસાદની શક્યતા છે.

આ સપ્તાહ દરમિયાન મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા અને દિલ્હીમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

# EVE.UAE-I-DAY CELEBRATIONS

સંયુક્ત અરબ અમિરાતમાં ભારતીય સમુદાય દ્વારા 78માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આબુધાબીમાં ભારતીય દૂતાવાસ, દુબઈ કોન્સ્યુલેટ જનરલ અને અમિરાતમાં વિવિધ સામુદાયિક કેન્દ્રોમાં ધ્વજ વંદન કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. અબુધાબીમાં રાજદૂત સંજય સુધીરે દૂતાવાસમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા તેમણે ભારતની નોંધપાત્ર પ્રગતિ અને સંયુક્ત અરબ અમિરાત સાથેનાં મજબૂત સંબંધો વિશે વાત કરી હતી. દુબઈમાં દૂતાવાસ ખાતે કોન્સ્યુલ જનરલ સતીશકુમાર સિવનના વડપણમાં ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. દૂતાવાસના વડાઓએ અહીં વસતા ત્રીસ લાખથી વધુ ભારતીય સમુદાયના લોકોને દેશના વિકાસમાં નોંધપાત્ર વિકાસ બદલ બિદાવ્યા.

# RUSSIA EMBASSY ADVICE

રશિયાના સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ સહિત નાગરિકોને સલામત સ્થળ પર અસ્થાયી રીતે જવા માટે બુધવારે ભારતીય દૂતાવાસે સલાહ આપી છે. દૂતાવાસે રશિયા અને યુક્રેન યુદ્ધ વચ્ચે તણાવ વધ્યા બાદ આ વિસ્તારમાં સલામતી અંગેની ચિંતાને ટાંકીને આ વાત કહી છે.

ભારતીય દૂતાવાસે આ સલાહ રશિયાના બેલગોરોદ સરહદી વિસ્તારમાં કટોકટી જાહેર થયાના થોડા જ કલાક બાદ જાહેર કરી છે. ભારતીય દૂતાવાસે કહ્યું, બ્રાયંસ્ક, બેલગોરોદ અને કુર્સ્ક વિસ્તારમાં હાલની સલામતી ઘટનાઓને ધ્યાનમાં રાખી ભારતીય નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અને અસ્થાયી રીતે આ વિસ્તારમાંથી બહાર જતા રહેવા સલાહ આપવામાં આવે છે.

# PM OLYMPIC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં પીએમ આવાસ ખાતે પેરિસ ઑલિમ્પિકમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓને બિરાવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય યુવા બાબતો અને રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય ઑલિમ્પિક સંઘના અધ્યક્ષ પી. ટી ઉષા ઉપસ્થિત રહ્યા હતા. પેરિસ ઑલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓએ  કુલ છ ચંદ્રકો જીત્યા છે. મનુ ભાકર, સરબજોતસિંહ, સ્વપ્નિલ કુશાલ, ભારતીય હૉકી ટીમ અને નિરજ ચોપડાએ ચંદ્રકો જીત્યા છે.